ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૫૬ ટકા


# આકાશમાં વાદળો ઘેરાતા શહેરમાં ચિંતાનો માહોલ

**લગ્નસમારંભના આયોજકો તથા શિયાળુ પાક માટે ખેડૂતો ચિંતાતુર બન્યા : બંગાળ ઉપસાગરના ડીપ ડિપ્રેશનના કારણે ઓખી વાવાઝોડુ સર્જાતા ગુજરાતમાં પણ વાદળ ઉમટી પડ્યાં : ગાંધીનગરમાં વાદળછાયા વાતાવરણને લીધે સુસ્તીનો માહોલ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આજે સવારથી જ વાતાવરણ વાદળછાયુ જોવા મળ્યુ હતુ. બંગાળના ઉપસાગરમાં સર્જાયેલ ડીપ ડિપ્રેશનના કારણે ઓખી વાવાઝોડુ ત્રાટક્યુ છે. જેના પગલે ગુજરાતમાં પણ વાવાઝોડાની અસરથી આજે દિવસ દરમ્યાન આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. વાતાવરણમાં લઘુત્તમ તાપમાન માત્ર ૧૭ ડિગ્રી સેલ્સિયસ જ રહ્યું હોવાથી ઠંડીનું પ્રમાણ એટલુ વધારે નહોતુ પરંતુ વાદળછાયા વાતાવરણને લીધે સૂર્યનો તડકો જોવા ના મળતા નગરવાસીઓએ સુસ્તી અનુભવી હતી. એક તબક્કે તો આકાશી વાદળના લીધે કમોસમી વરસાદનું ઝાપટુ વરસે તેવી સ્થિતિ જોઈ હતી. વાતાવરણમાં સવારે ભેજનું મહત્તમ પ્રમાણ ૬૩ ટકા સુધી નોંધાયુ હતુ.

એકાએક ઘેરાયેલા વાદળોના પગલે ખેડૂતોમાં પણ શિયાળુ પાકમાં નુકશાન સર્જાવાની ભીતિના પગલે ચિંતાના વાદળો ઘેરાયાં છે. ગત ચોમાસા દરમ્યાન ગુજરાતમાં અતિવૃષ્ટિના સંજોગોમાં રાજ્યમાં ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને ખેતીમાં નુકશાન જોવા મળ્યું હતું. ત્યારે ખેડૂતોને શિયાળુ પાક સારો થવાની આશા બંધાઈ હતી. બીજી તરફ વાદળછાયા વાતાવરણને પગલે શહેરમાં લગ્નસમારંભોના આયોજકો પણ વિમાસણમાં મુકાયા હતા અને વરસાદની સંભાવનાથી ચિંતાતુર જણાતા હતા.



સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં હવામાન ખાતાએ વાવાઝોડાની અસરથી વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. શિયાળાની ફુલ ગુલાબી ઠંડીના પ્રારંભે જ રાજ્યમાં અચાનક વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો જોવા મળી રહ્યો છે. બંગાળના ડીપ ડીપ્રેશનના લીધે ઓખી વાવાઝોડાએ તામિલનાડુ તથા કેરળમાં ભારે વરસાદ સાથે જાનમાલની તબાહી મચાવી છે. ત્યારે ગુજરાતમાં છવાયેલા વાદળોએ નાગરિકોમાં ચિંતા જન્માવી છે. ગાંધીનગરમાં રવિવારની રજાના દિવસે વાતાવરણ પણ સુસ્તીભર્યુ રહેતા મોટા ભાગના શહેરીજનોએ દિવસ આરામમાં વિતાવ્યો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગર ઉત્તર બેઠક પર બે ઉમેદવારો પત્રકારત્વ વ્યવસાય સાથે સંકળાયેલા છે. એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણી અને અપક્ષ ઉમેદવાર રાજ પ્રજાપતિ બંને પત્રકાર છે.

● ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પરના ૪૮ ઉમેદવારોમાં બે ઉમેદવારો ડોક્ટર છે. આ બે ઉમેદવારોમાં ગાંધીનગર ઉત્તર બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડા જેઓ વેટરનરી ડોક્ટર છે અને કલોલ બેઠક પર ભાજપના ઉમેદવાર ડૉ. અતુલ પટેલ જેઓ એમબીબીએસ થયેલા છે.

# લાયોનેસ કલબ દ્વારા મૂક-બધિર શાળામાં રમતોત્સવ યોજાયા



ગાંધીનગર, તા. ૩

લાયોનેસ કલબ ઑફ ગાંધીનગરએ સમર્પણ સેકટર-૨૮ મૂક-બધિર શાળામાં રમતોત્સવનું આયોજન કર્યું હતું. જેમાં બાળકોએ વૉલીબોલ, બેટમિન્ટન, લીંબુ-ચમચી, દોડ જેવી રમતોનો આનંદ લીધો હતો. બાળકોને ઈનામ અને લાયોનેસ કિન્નાબેન જાની તરફથી ભોજન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ મિનાક્ષી જયસિંઘાની, ભાનુબેન ઠક્કર અને શાળાના સંચાલક, સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ઈસનપુર મોટામાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૩

ચિલોડા નજીક ઈસનપુર મોટા ગામમાં પ્રજાપતી વાસમાં વરલી મટકાનો જુગાર ખુલ્લેઆમ રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે ગઈકાલે દરોડો પાડી એક શખ્સને આંકડા લખેલી ચિઠ્ઠી સાથે રંગેહાથ જુગાર રમાડતા પકડી પાડવામાં આવ્યો હતો. ચિલોડા પોલીસે તેની ધરપકડ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

**વરલી મટકાના આંકડા લખેલી ચિઠ્ઠી સાથે એકની ધરપકડ**

ચિલોડા પી.આઈ. નિરજ પટેલની સુચનાથી તેમની ટીમ ચિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ ગણપતજી હિરાજીને બાતમી મળી હતી કે ઈસનપુર મોટા ગામમાં પ્રજાપતી વાસમાં વરલી મટકાનો આંક-ફરકનો જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમી આધારે ટીમે બાતમીવાળા સ્થળે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા ઈસનપુર મોટા પ્રજાપતી વાસમાં રહેતા રોહીત રમણ પ્રજાપતીને રંગેહાથ પકડી પાડ્યો હતો. વરલી મટકાના જુદા જુદા આંકડા-ભાવ લખેલ ચિઠ્ઠી તથા રોકડ સહિત રૂ. ૨૫૦ના મુદ્દામાલ સાથે રોહીત પ્રજાપતીની ધરપકડ કરી લઈ ચિલોડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દહેગામની વર્ધમાન વિદ્યાલયમાં ટીબી જાગૃતિ અંગેનો કાર્યક્રમ



ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા દહેગામ ખાતે વર્ધમાન વિદ્યાલયમાં તાજેતરમાં ટીબી જાગૃતિ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીએમસીસી કેયુર જયસ્વાલ સહિત અશોક વિરગામા અને ચેતન ઠાકોરે વિદ્યાર્થીઓને ટીબીના લક્ષણો, નિદાન, સારવાર વગેરેની સંપૂર્ણ માહિતી આપી હતી. આ સાથે બાળકોને ડેન્ગ્યુ, મેલેરિયા, સ્વાઈન ફલુ, લેપ્રેસી તથા એચઆઈવી જેવા રોગો અંગે પણ પ્રાથમિક સમજ પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના સમાપને બાળકોને શુભેચ્છા ભેટ અપાઈ હતી.



રાજ્યભરમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. જેમાં અનેક સ્થળે મતદાન બહિષ્કારના સમાચાર પણ જોવા મળી રહ્યાં છે. મતદાન પ્રત્યે નિરૂત્સાહના વાતાવરણમાં વાવોલમાં મતદારોને જાગૃત કરી સો ટકા મતદાન માટે પ્રેરિત કરતી રેલી યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના સે. ૧૫ની સરકારી વિજ્ઞાન કલેજના એનએસએસ યુનિટના ૫૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા.

# ચૂંટણી કાર્યાલયો પર રાત્રે ગરમાગરમ નાસ્તાની જયાફતોનો દૌર..!!!

**કાર્યકર્તાઓનો ઉત્સાહ ટકાવી રાખવા તથા શુભેચ્છકો-ટેકેદારોની આગતા-સ્વાગતા માટે ચા-નાસ્તાની વ્યવસ્થા : રાત્રે દિવસભરની કામગીરીની સમીક્ષા કરી બીજા દિવસની રણનીતિ ઘડાય છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં વિધાનસભાની ચૂંટણીઓના પગલે વિવિધ રાજકીય પક્ષોના પ્રચાર કાર્યાલયો પ્રારંભ થઈ જવા પામ્યા છે. દરેક ઉમેદવારોએ પોતાના મત વિસ્તારમાં વિવિધ વિસ્તાર અનુસાર ચૂંટણી કાર્યાલયો કાર્યરત કર્યા છે. ચૂંટણી કાર્યાલયો કાર્યરત થતા જ મોડી રાત્રિ સુધી ધમધમવા લાગ્યા છે અને કાર્યાલયો પર ચા-નાસ્તાની જયાફતો યોજાવા માંડી છે.

ચૂંટણી પ્રચારના કાર્યો માટે કાર્યકરોને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન આપવા, પ્રચારની રણનીતિ ઘડવા, પ્રચાર કાર્યથી થાકેલા કાર્યકરોને રીલેક્સ થવા તથા ચૂંટણી પ્રચારની પ્રચાર સામગ્રી જેવી કે બેનર, પત્રિકા, બિલ્લા, ખેસ, તોરણો વગેરેનો સંગ્રહ કરવા ચૂંટણી કાર્યાલય કાર્યરત કરવામાં આવે છે. આ ચૂંટણી કાર્યાલય પર રાત્રિના સમયે ઉમેદવાર તથા અગ્રણી હોદ્દેદારો કાર્યકર્તાઓને મળી દિવસભરની કામગીરીની સમિક્ષા કરે છે અને આગળના દિવસની રણનીતિ ઘડે છે. આ કાર્ય સાથે કાર્યકર્તાઓનો ઉત્સાહ ટકાવવા અને તેમનો થાક દૂર કરવા ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવે છે. નાસ્તામાં ગરમાગરમ ભજીયા, ગોટા, દાળવડા કે તેવી અન્ય આઈટમો રાખવામાં આવતી હોય છે. વળી રાત્રિના સમયે ચૂંટણી કાર્યાલય પર ઉમેદવારના શુભેચ્છકો અને ટેકેદારો પણ મળવા આવતા હોય છે. તેમની આગતા-સ્વાગતા માટે પણ ચા-નાસ્તાની આવશ્યકતા રહે છે. જેથી તેમની મતબેંક જળવાઈ રહે. આમ ચૂંટણી કાર્યાલયોનો પ્રારંભ થતા જ રાત્રિના સમયે ચા-નાસ્તાની જયાફતોનો દૌર પણ શરૂ થઈ જવા પામ્યો છે.

# હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે ‘ગીતા ફેસ્ટ’ની ઉજવણી થઈ



અમદાવાદ,તા.૩

ગીતા જયંતિ ઉત્સવના ભાગરૂપે હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા “ગીતા ફેસ્ટ” ની ઉજવણી કરવામાં આવી જે શ્રીમદ્ ભગવદ્-ગીતા આધારિત એક આંતર શાળા સાંસ્કૃતિક સ્પર્ધા હતી અને તેનું આયોજન મંદિર ખાતે તા. ૦૨/૧૨/૨૦૧૭ થી ૦૩/૧૨/૨૦૧૭ સુધી કરવામાં આવ્યું હતું. આ ફેસ્ટમાં અમદાવાદની અલગ-અલગ શાળાનાં જુનિયર કે.જી. થી લઈને ધોરણ ૧૨ સુધીના બધા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૨૫થી વધુ શાળાઓનાં ૧૦૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીએ ગીતા શ્લોકનું રટણ, ગીતા પર નિબંધ લેખન, ગીતા ક્વિઝ વગેરે વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ગીતા ફેસ્ટ એ ઉત્તેજનાયુક્ત શ્રેણીબધ્ધ સ્પર્ધા દ્વારા વૃદ્ધિ પામતા (વિકસતા) બાળકોના ગ્રહણશીલ વિચારોમાં શ્રીમદ ભગવદ-ગીતાના ગહન સંદેશને સ્થાપિત કરવાના એક સંયુક્ત પ્રયાસ છે. અમારું ધ્યેય આપણી યુવા પેઢીમાં વૈદિક વિદ્વતા વિશેની જાગૃતિ લાવવાનો છે, જે ભગવદ્-ગીતા દ્વારા વારસામાં મળેલ છે.

ભગવદ્-ગીતા માનવ જીવન માટે માર્ગદર્શિકા છે જેના મૂલ્યોને અમલમાં મૂકીને આપણે આપણા રોજિંદા જીવનમાં જે દરેક સમસ્યા અનુભવી રહ્યા છે તે દરેકનો ઉકેલ લાવી શકીએ છીએ.

## બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮ ખાતે

# સર્વ રોગ નિદાન કેમ્પ અને રક્તદાન શિબિર યોજાઈ







ગાંધીનગર, તા. ૩

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય સેકટર.૨૮,ગાંધીનગર ખાતે તા.૩ ડિસેમ્બર, ૨૦૧૭ રવિવારે સવારે ૮.૦૦થી બપોરના ૧૨.૩૦ સુધી “સર્વ રોગ નિદાન કેમ્પ” તથા “રક્તદાન શિબિર”નું આયોજન કરવામાં આવેલ હતું. જ્યાં સર્વપ્રથમ બ્રહ્માકુમારી કૈલાશ દીદી તથા અન્ય મહાનુભાવોં દ્વારા દિપ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલ. કેમ્પમાં (૧) ફિઝીયોથેરાપીસ્ટ ડૉ.યજ્ઞેશ ત્રિવેદી, ડૉ.હાર્દિક તલાટી, ડૉ.મેશ્વા ત્રિવેદી, ડૉ.ધર્મિષ્ઠા પટેલ, ડૉ.દિપાંજલી પટેલ, ડૉ.પરેશ વણકર, (૨) ઓર્થોપેડિક, (૩) આઈ સ્પેશીયાલીસ્ટ ડૉ.ચતુર પટેલ, (૪) ડેન્ટીસ્ટ ડૉ.મહેન્દ્ર ચૌધરી, (૫) આયુર્વેદિક નિષ્ણાંત ડૉ.રાજેન વસોયા અને (૬) હોમિયોપેથી નિષ્ણાંત ડૉ.અમી પટેલ અને ડૉ.નિરવ ઠાકર, (૭) જનરલ સર્જન ડૉ. જિજ્ઞાષાબેન પરમારે તેમની સેવાઓ આપી હતી. જ્યારે (૮) રક્તદાન શિબિર માટે ગાંધીનગર સીવીલ હોસ્પિટલ અને ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, કલોલની ટીમોએ તેમની સેવાઓ આપી હતી.

બ્રહ્માકુમારીઝ, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરનું પ્રથમ અંગ્રેજી પાક્ષિક- ‘તસ્વીરે ગાંધીનગર’, ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, કૌશલ ગૃપ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સર્વ રોગ નિદાન કેમ્પની ઉલ્લેખનીય બાબત એ હતી કે લગ્નગાળાની મોસમ હોવા છતાં મોટી સંખ્યામાં ભાઈ બહેનો દ્વારા લાભ લેવામાં આવેલ અને આયોજક બ્રહ્માકુમારીઝના બ્રહ્માકુમારી જુગ્નુબેન, આરતીબેન અને યુવાન ભાઈ નીતીનભાઈ રાવતે પણ સર્વ પ્રથમ વખત રક્ત દાન કરેલ. જ્યારે બ્રહ્માકુમારી મેઘાબેન, શહેરના જાણીતા ડાયોબીટોલોજીસ્ટ ડૉ.વિવેક ભાવે, કૌશલ્ય ગૃપના હર્ષાબા ધાંધલે રક્ત દાન કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કેમ્પની સાથે સાથે આજે વિશ્વ વિકલાંગ દિવસ નિમિત્તે “હેત” ફાઉન્ડેશનના દિવ્યાંગ બાળકોએ બ્રહ્માકુમારી સેન્ટરની ખાસ મુલાકાત લીધી હતી. સેવાકેન્દ્ર સંચાલિકા કૈલાશદીદી પાસેથી આશીર્વચન મેળવી ધન્યતા અનુભવી હતી.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧